પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૩૫ | ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૩, શુક્રવાર; મહા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રાજ્યપાલ રાજકારણમાં દખલ ન કરી શકે: સુપ્રીમ

## મહારાષ્ટ્રમાં સત્તા પરિવર્તન સમયે રાજ્યપાલની ભૂમિકા પર સવાલ : કોર્ટ દ્વારા આ પ્રતિક્રિયા રાજ્યપાલ તરફથી હાજર સોલિસીટર જનરલ તુષાર મહેતાના જવાબ પર આવી

નવી દિલ્હી, તા.૧૬

મહારાષ્ટ્રમાં એકનાથ શિન્દેની સરકાર રચવાને પડકારતી ઉદ્ધવ ઠાકરે જૂથની અરજી પર સુનાવણી કરતા સુપ્રીમકોર્ટે તત્કાલીન ગવર્નરની ભૂમિકા સામે સવાલો ઊઠાવ્યા હતા. કોર્ટે ભગત સિંહ કોશ્યારી અંગે સવાલ ઊઠાવતાં કહ્યું કે છેવટે એક રાજ્યપાલ કેવી રીતે રાજકારણમાં દખલ કી શકે? તે રાજકીય ગઠબંધન અને સરકારની રચના અંગે કેવી રીતે ટિપ્પણી કરી શકે?

કોર્ટ દ્વારા આ પ્રતિક્રિયા રાજ્યપાલ તરફથી હાજર સોલિસીટર જનરલ તુષાર મહેતાના જવાબ પર આવી હતી. મહેતાએ કહ્યું હતું કે તમે મતદાર પાસે એક વ્યક્તિ તરીકે નથી જતા પણ સંયુક્ત વિચારધારાના નામે પહોંચો છો. મતદારો



વિચારધારાના નામે વોટ આપે છે, જેને પાર્ટીઓ પ્રોજેક્ટ કરે છે.

એક અહેવાલ અનુસાર તુષાર મહેતાએ કહ્યું કે આપણે હોર્સ ટ્રેડિંગ શબ્દ સાંભળ્યો છે. મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેએ વિપરિત વિચારધારાના લોકો સાથે મળીને સરકાર રચી લીધી જે શિવસેના અને ભાજપના ગઠબંધન વિરુદ્ધ મેદાને હતી. જોકે આ ટિપ્પણીને કોર્ટે રાજ્યપાલની રાજકીય સક્રિયતા તરીકે લીધી. જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની બેન્ચે કહ્યું કે છેવટે રાજ્યપાલ આવા મામલે બોલે જ કેમ છે? તે સરકારની રચના અંગે કેવી રીતે બોલી શકે. અમે ફક્ત એટલું કહી રહ્યા છીએ કે એક રાજ્યપાલે રાજકીય બાબતોમાં દખલ ન કરવી જોઈએ.

## બીબીસી વિવાદમાં અદનાન સામી ટ્રોલ થયો

નવી દિલ્હી, તા.૧૬

બીબીસીની ઓફિસો પર ઈક્મ ટેક્સના દરોડા દેશભરમાં ચર્ચાનો વિષય હતા. આ સમાચારે સોશિયલ મીડિયા પર ભારે હોબાળો મચાવ્યો હતો અને પાકિસ્તાની મૂળના ગાયક અદનાન સામી પણ આ વિવાદમાં કૂદી પડ્યા હતા. અદનાનની આ પોસ્ટથી સોશિયલ મીડિયા પર નવી ચર્ચા શરૂ થઈ હતી, જેના પછી લોકોએ જોરદાર ટ્રોલ કર્યો હતો. ટ્વિટર પર આખો વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે અદનાન સામીએ બીબીસી પર આઈટી દરોડા અંગે પત્રકાર નિધિ રાઝદાનની પોસ્ટ પર ટિપ્પણી કરી.

# બેંગલુરુ વિશ્વમાં બીજા નંબરનું ભીડભાડવાળુ શહેર

## ભારતની સિલિકોન વેલી કહેવાતા બેંગલુરુમાં પરિવહનની સ્થિતિ ખરાબ : ૨૦૨૧માં બેંગલુરુ આ યાદીમાં ૧૦માં ક્રમે હતું : ડચ કંપની ટોમટોમ દ્વારા બહાર પાડવામાં આવેલા ઈન્ડેક્સમાં ૫૬ દેશોના ૩૮૯ શહેરોનો સમાવેશ

નવી દિલ્હી, તા.૧૬

ભારતની સિલિકોન વેલી કહેવાતા બેંગલુરુમાં પરિવહનની સ્થિતિ ખરાબ છે. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ એક ઈન્ડેક્સ મુજબ, બેંગલુરુ ૨૦૨૨માં સિટી સેન્ટર કેટેગરીમાં વિશ્વનું બીજું સૌથી વધુ ભીડભાડ ધરાવતું શહેર રહ્યું છે. આ યાદીમાં પ્રથમ નંબરે લંડન છે. વર્ષ ૨૦૨૧માં બેંગલુરુ આ યાદીમાં ૧૦માં ક્રમે હતું. ડચ કંપની ટોમટોમ દ્વારા બહાર પાડવામાં આવેલા ઈન્ડેક્સમાં ૫૬ દેશોના ૩૮૯ શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આંકડા દર્શાવે છે કે બેંગલુરુની જનતાને સીબીડી વિસ્તારમાં ૧૦ કિમીની મુસાફરી કરવામાં સરેરાશ ૨૯ મિનિટ અને ૧૦ સેકન્ડનો સમય લાગે છે. આ આંકડા ૨૦૨૨ના છે. રિપોર્ટ પ્રમાણે લંડનની



સ્થિતિ ભીડના મામલામાં વધુ ખરાબ છે. ત્યાં ૧૦ કિમીની મુસાફરી કરવામાં ૩૬ મિનિટ અને ૨૦ સેકન્ડનો સમય લાગ્યો હતો. ખાસ વાત એ છે કે આ યાદીમાં પુણે છઠ્ઠા, દિલ્હી ૩૪માં અને મુંબઈ ૪૭માં સ્થાન પર છે. મેટ્રો વિસ્તારની શ્રેણીમાં બોગોટા ટોચ પર છે. ત્યારબાદ મનીલા, સાપોરો, લિમા આવે છે. આ યાદીમાં બેંગલુરુ ૫માં સ્થાને છે જ્યારે મુંબઈ છઠ્ઠા નંબરે છે. આ ઉપરાંત નાગોયા, પુણે, ટોક્યોના નામ પણ આ યાદીમાં સામેલ છે. મેટ્રો વિસ્તારમાં બેંગલુરુના લોકોને ૧૦ કિમીની મુસાફરી કરવામાં ૨૩ મિનિટ અને ૪૦ સેકન્ડનો સમય લાગ્યો હતો. જ્યારે સરેરાશ ઝડપ ૨૨ કિમી પ્રતિ કલાક હતી. વિસ્તારો જાણોવાસ્તવમાં, સિટી સેન્ટર ૫ કિમીની

● અનુસંધાન પાન-૭ પર

## સેન્સેક્સ ૪૪.૪૨ પોઈન્ટ વધીને બંધ

મુંબઈ, તા.૧૬

ગુરુવારે સ્થાનિક શેરબજારો લીલા નિશાન સાથે બંધ થયા છે. બીએસઈ સેન્સેક્સ ૪૪.૪૨ પોઈન્ટ અથવા ૦.૦૭ ટકા વધીને ૬૧,૩૧૯.૫૧ પોઈન્ટ પર બંધ થયો હતો. એનએસઈ નિફ્ટી ૨૦ પોઈન્ટ અથવા ૦.૧૧ ટકાના વધારા સાથે ૧૮,૦૩૫.૮૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. સ્પાઈસજેટ લિમિટેડનો શેર ૧૧.૬૧ ટકાના ઉછાળા સાથે બંધ થયો હતો.

ગુરુવારે ઓએનજીસીએ નિફ્ટીમાં સૌથી વધુ ૫.૬૯ ટકાનો વધારો નોંધાવ્યો હતો. એ જ રીતે ટેક મહિન્દ્રાનો શેર ૫.૨૪ ટકા વધીને બંધ રહ્યો હતો.

# ઉસ્માનાબાદનું નામ ધારાશિવ કરવા કેન્દ્ર સરકારની મંજૂરી

## ઔરંગાબાદનું નામ છત્રપતિ સંભાજીનગર કરવા માટે મંજૂરી આપવાની પ્રક્રિયા હજુ ચાલી રહી હોવાની કેન્દ્રની સ્પષ્ટતા

નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકારે બુધવારે બોમ્બે હાઈકોર્ટને જણાવ્યું હતું કે તેણે મહારાષ્ટ્રના ઉસ્માનાબાદ શહેરનું નામ બદલીને ધારાશિવ કરવા અંગે મંજૂરી આપી દીધી છે પણ ઔરંગાબાદનું નામ છત્રપતિ સંભાજીનગર કરવા માટે મંજૂરી આપવાની પ્રક્રિયા હજુ ચાલી રહી છે. કાર્યવાહક મુખ્ય ન્યાયાધીશ એસ.વી.ગંગાપુરવાલા અને જસ્ટિસ સંદીપ માર્નેની બેન્ચે ગત મહિને જ કેન્દ્ર સરકારથી જાણવાનો પ્રયાસ કર્યો હતો કે શું કેન્દ્રને મહારાષ્ટ્ર સરકાર દ્વારા આ બંને શહેરોના નામ બદલવા માટે કોઈ પ્રસ્તાવ મળ્યો છે? જો હાં તો શું તેણે આ પ્રસ્તાવ સ્વીકારી લીધો છે?

એડિશનલ સોલિસીટર જનરલ અનિલ સિંહે કહ્યું કે કેન્દ્ર સરકારને રાજ્ય સરકાર દ્વારા પ્રસ્તાવ મળ્યો હતો. જ્યાં સુધી ઉસ્માનાબાદની વાત છે, અમે ૨ ફેબ્રુઆરીએ રાજ્યને જાણ કરી હતી અને નામ બદલવા સામે કોઈ વાંધો પણ આવ્યો નથી પણ ઔરંગાબાદનું નામ બદલવા અંગે હાલ કોઈ નિર્ણય થયો નથી. તેના પર પ્રક્રિયા ચાલી રહી છે. કોર્ટે નિવેદનને સ્વીકાર્યું અને આ મામલે આગામી સુનાવણી ૨૭ ફેબ્રુઆરી નક્કી કરી હતી.

# ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી બીજી ટેસ્ટ મેચ

નવી દિલ્હી, તા.૧૬

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શુક્રવારથી નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં બીજી ટેસ્ટ મેચ શરૂ થશે. ઓસ્ટ્રેલિયા સામેની બીજી ટેસ્ટ પહેલા ભારતીય ટીમે છેલ્લી ઘડીએ પોતાની હોટલ બદલવી પડી હતી. તેનું કારણ જી૨૦ સમિટ અને લગ્નની મોસમ છે. આ બે કારણોસર ફાઈવ સ્ટાર હોટલના રૂમો ભારે બુકિંગ છે.

ભારતીય ટીમ સામાન્ય રીતે દિલ્હીના તાજ પેલેસ અથવા આઈટીસી મૌર્યમાં રોકાય છે, પરંતુ આ વખતે નોઈડા નજીક હોટેલ લીલામાં રોકાઈ છે. બીસીસીઆઈના એક અધિકારીએ આ વાતની પુષ્ટિ કરતા કહ્યું કે હોટલ લીલામાં ઉપલબ્ધ સુવિધાઓ સારી છે. આ પરિસ્થિતિ બદલી શકાતી નથી, તેથી ટીમને શિફ્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.જો કે સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી ટીમ સાથે હોટલમાં રોકાયો નથી. વાસ્તવમાં કોહલીનો પરિવાર ગુરુગ્રામમાં રહે છે અને આવી સ્થિતિમાં કોહલી પોતાના પરિવારના સભ્યો સાથે થોડો સમય વિતાવવા માંગે છે. સ્ટાર બેટ્સમેને આ માટે મેનેજમેન્ટ

● અનુસંધાન પાન-૭ પર

# સરકારનો ભાર આદિવાસી કળાને પ્રોત્સાહન યુવાનોના કૌશલ્યો વધારવા પર છે: મોદી

## મોદીએ આદી મહોત્સવનું ઉદ્‌ઘાટન કર્યું : દેશના વિવિધ રાજ્યોમાં ત્રણ હજારથી વધુ વન ધન વિકાસ કેન્દ્રોની સ્થાપના

નવી દિલ્હી, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે 'આદી મહોત્સવ'નું આજે ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું, સરકાર એવા લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે, જેમનો લાંબા સમયથી સંપર્ક થયો નથી. મેં દેશના દરેક ખૂણે આદિવાસી સમુદાયો અને પરિવારો સાથે કેટલાંક અઠવાડિયાં વિતાવ્યા છે. તમારી પરંપરાઓને મેં નજીકથી જોઈ છે, તેમની પાસેથી શીખ્યો અને જીવ્યો પણ છું. આદિવાસીઓની જીવન શૈલીએ મને દેશના વારસા અને પરંપરાઓ વિશે ઘણું શીખવ્યું છે. પીએમ મોદીએ કહ્યું, દેશના વિવિધ રાજ્યોમાં ત્રણ હજારથી વધુ 'વન ધન વિકાસ કેન્દ્રો'ની સ્થાપના કરવામાં આવી છે. આજે સરકાર લગભગ ૯૦ નાના વન ઉત્પાદનો પર એમએસપી આપી રહી છે. આજે, વિવિધ રાજ્યોમાં ૮૦ લાખથી વધુ સ્વ-સહાય જૂથો કાર્યરત છે, જેમાં ૧.૨૫ કરોડથી વધુ સભ્યો આપણા આદિવાસી ભાઈઓ અને બહેનો છે અને તેમાંથી મોટી સંખ્યામાં આપણી માતાઓ અને બહેનો છે. આજે સરકારનો ભાર આદિવાસી કળાને પ્રોત્સાહન આપવા અને આદિવાસી યુવાનોના કૌશલ્યો વધારવા પર પણ છે. દેશમાં નવી આદિવાસી સંશોધન સંસ્થાઓ



ખોલવામાં આવી રહી છે. આદિવાસી બાળકો દેશના કોઈપણ ખૂણામાં હોય, તેમનું શિક્ષણ અને તેમનું ભવિષ્ય મારી પ્રાથમિકતા છે.આ પ્રસંગે કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી અર્જુન મુંડા પણ તેમની સાથે હાજર રહ્યા હતા. પીએમ મોદીએ અહીં સ્વતંત્રતા સેનાની અને આદિવાસી નેતા બિરસા મુંડાને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી. આ ઈવેન્ટમાં આદિવાસી સંસ્કૃતિ, હસ્તકલા, ભોજન, વાણિજ્ય અને પરંપરાગત કલા પ્રદર્શિત કરવામાં આવી રહી છે. આ મહોત્સવ આદિવાસી સમુદાયો દ્વારા નિર્મિત શ્રી અન્ન કાર્યક્રમનું કેન્દ્રબિંદુ છે. વડાપ્રધાન કાર્યાલયના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, વડાપ્રધાન મોદી દેશની આદિવાસી વસ્તીના કલ્યાણ માટે સતત વિવિધ પગલાં લઈ રહ્યા છે. આ સાથે તેઓ દેશની પ્રગતિ અને વિકાસમાં આદિવાસી સમુદાયના યોગદાનને પણ યોગ્ય માન આપતા રહ્યા છે.'આદી મહોત્સવ' એ આદિજાતિ બાબતોના મંત્રાલય હેઠળના ટ્રાઈબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડની વાર્ષિક પહેલ છે. આ વર્ષે તેનું આયોજન દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમમાં ૧૬ થી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ ૨૦૦ સ્ટોલ દ્વારા દેશભરના આદિવાસી સમુદાયોના સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાને પ્રદર્શિત કરવામાં આવશે. આ મહોત્સવમાં એક હજાર જેટલા આદિવાસી કારીગરો પણ ભાગ લેશે.

# ભારત-ફીજી વચ્ચે વિઝા મુક્તિ કરારો પર હસ્તાક્ષર

નવી દિલ્હી, તા.૧૬

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર હાલ ફિજીના પ્રવાસે છે. ગઈકાલે તેમણે નાડીમાં ૧૨મા વિશ્વ હિન્દી સંમેલનમાં હાજરી આપી હતી. આજે તેઓએ ફિજીના વડાપ્રધાન સાથે મૂલાકાત કરી હતી. બેઠકમાં બંને દેશો વચ્ચે સહયોગ વધારવા પર વાતચીત થઈ હતી. બેઠક બાદ ભારતના વિદેશ મંત્રી ડૉ.એસ.જયશંકરે કહ્યું કે, ભારત અને ફિજી ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે ખૂબ સારા સંબંધો ધરાવે છે. બંને દેશો વચ્ચે વિઝા મુક્તિ કરાર પર હસ્તાક્ષર કર્યા થયા છે. તે બંને દેશોના નાગરિકો વચ્ચે પ્રવાસનને પ્રોત્સાહન આપશે. હિન્દી સંમેલનનો અનુભવ તમામ પ્રતિનિધિઓ અને તેમના પરિવારોને પણ ફિજીની મુલાકાત લેવા પ્રેરિત કરશે. એસ. જયશંકરે કહ્યું કે, ભારત અને ફિજી વચ્ચે લોકોના સંબંધો અને બંને દેશો વચ્ચેના સંબંધો પણ ઘણા જૂના છે. આરોગ્ય, શિક્ષણ અને કૃષિ જેવા રાષ્ટ્ર નિર્માણ ક્ષેત્રોમાં ફિજીને મદદ કરવીએ

● અનુસંધાન પાન-૭ પર

**Reputed real estate company urgent required staff**

1. Receptionist -1 (female)
2. Accountant -2 (2 years experience)
3. marketing executive-2 (real estate experience 2 years)

min graduation required

mail id-asbuildcon0107@gmail.com

contact

9909012066 , 8160549115

### તમામ ફેરફારો આજથી અમલમાં આવી જશે

# સરકારે ક્રૂડ પેટ્રોલિયમ, ATF અને ડીઝલ પર વિન્ડફોલ ટેક્સ ઘટાડ્યો

## કેન્દ્ર સરકારે ડીઝલની નિકાસ પરનો વધારાનો ટેક્સ ૭.૫૦ રૂપિયા પ્રતિ લિટરથી ઘટાડીને ૨.૫૦ રૂપિયા પ્રતિ લિટર કર્યો છે તેમાં ૧.૫ રૂપિયા પ્રતિ લીટર રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ પણ સામેલ છે

નવી દિલ્હી,તા.૧૬

કેન્દ્ર સરકારે ઘરેલુ વિન્ડફોલ ટેક્સ ઘટાડવા માટે મોટો નિર્ણય લીધો છે. આ સાથે સરકારે એર ટર્બાઈન ફ્યુઅલ, ડીઝલ એક્સપોર્ટ અને ક્રૂડ ઓઈલ પરની વધારાની ડ્યૂટી ઘટાડવાનો પણ નિર્ણય લીધો છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ, ગુરુવારથી,'દ્બ્ઝ જેવી સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા સ્થાનિક સ્તરે ઉત્પાદિત ક્રૂડ ઓઈલ પર વિન્ડફોલ પ્રોફિટ ટેક્સ હવે ઘટાડીને ૪૩૫૦ રૂપિયા પ્રતિ ટન કરવામાં આવ્યો છે. અગાઉ તે ૫૦૫૦ રૂપિયા પ્રતિ ટન હતો. બીજી તરફ પેટ્રોલ એક્સપોર્ટ ડ્યૂટીની વાત કરીએ તો સરકારે તેમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ તમામ ફેરફારો આજથી એટલે કે ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૩થી અમલમાં આવ્યા છે. કેન્દ્ર સરકારે ડીઝલની નિકાસ પરનો વધારાનો ટેક્સ ૭.૫૦ રૂપિયા પ્રતિ લિટરથી ઘટાડીને ૨.૫૦ રૂપિયા પ્રતિ લિટર કર્યો છે. તેમાં ૧.૫ રૂપિયા પ્રતિ લીટર રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ પણ



સામેલ છે. બીજી તરફ એર ટર્બાઈન ફ્યુઅલના નિકાસ કરની વાત કરીએ તો તેમાં પણ મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. તે ૬ રૂપિયા પ્રતિ લીટરથી ઘટીને હવે ૧.૫ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે. પેટ્રોલની નિકાસ ડ્યુટીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ફેરફાર બાદ હવે ઘરેલુ ક્રૂડ ઓઈલ ઉત્પાદન પરનો ટેક્સ લગભગ ૬૫ ટકા ઘટાડ્યો છે. નોંધનીય છે કે સરકાર દર બે અઠવાડિયે વિન્ડફોલ ટેક્સની સમીક્ષા કરે છે અને તેમાં ફેરફાર કરે છે. નોંધપાત્ર રીતે, કેન્દ્ર સરકારે ૧ જુલાઈ, ૨૦૨૨ થી પેટ્રોલિયમ ઉત્પાદનો પર વિન્ડફોલ ટેક્સ લાદવાનો નિર્ણય લીધો હતો. ત્યારે સરકારે જાહેરાત કરી હતી કે આ ટેક્સ પેટ્રોલની સાથે ડીઝલ, એટીએફ પર પણ લગાવવામાં આવશે. વિન્ડફોલ ટેક્સ લાગુ થયા બાદથી આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં ઓઈલ કંપનીઓને તેમના નુકસાનની ભરપાઈ કરવાનો મોકો મળ્યો છે. હવે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ ઈં૮૫ની આસપાસ છે ત્યારે સરકારે વિન્ડફોલ ટેક્સમાં ઘટાડો કર્યો છે.




